# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-05-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- ✓ કેન્દ્રીય ચૂંટણી પંચે 354 ચૂંટણી નિરીક્ષકો સાથે મળી લોકસભાના ચોથા તબક્કા માટે તૈયારીઓની સમીક્ષા કરી.... મુખ્ય ચૂંટણી કમિશનરે નિષ્પક્ષ, મુક્ત અને સુચારું રીતે મતદાન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યા
- ✓ લોકસભાના છઠ્ઠા તબક્કા માટે ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો આવતીકાલે અંતિમ દિવસ....
- ✓ લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કૉંગ્રેસ સામે કર્યા આરોપ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તર પ્રદેશમાં અને કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ રાયબરેલી બેઠક પર કર્યો પ્રચાર
- ✓ એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ્સ રદ્દ થવા મામલે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કંપની પાસે માગ્યો જવાબ...નિયમ અનુસાર યાત્રીઓની સુવિધા જાળવવા નિર્દેશ કર્યો
- ✓ હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સહિતના રાજ્યોમાં ગરમી યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરી...
- ✓ અને આજે દેશ - દુનિયાભરમાં વિશ્વ થેલેસેમિયા દિવસની ઉજવણી કરાઈ...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EC- OBSERVERS 4TH PHASE

કેંદ્રીય ચૂંટણી પંચે આજે 354 ચૂંટણી નિરીક્ષકો સાથે લોકસભાના ચોથા તબક્કાના મતદાનની તૈયારીઓની સમીક્ષા કરી હતી. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયેલી આ બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણી નિરીક્ષકોને નિષ્પક્ષ, મુક્ત અને સુચારું રીતે

મતદાન થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. શ્રી કુમારે નિરીક્ષકોને મતદાન મથકો પર તમામ જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવા પણ જણાવ્યું હતું, ખાસ કરીને ગરમીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જરૂરી તમામ પગલાં લેવા જણાવ્યુ હતું.

## ECI- 5TH PHASE CANDIDATES

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આવતીકાલે અંતિમ દિવસ છે. આ તબક્કામાં 57 બેઠકો ઉપર 25 મેના રોજ મતદાન થશે.

દરમ્યાન પાંચમા તબક્કામાં છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 49 બેઠકો માટે 695 ઉમેદવારો મેદાનમાં છે. કુલ એક હજાર પાંચસો છ્યાસી ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા. ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ 749 ઉમેદવારીપત્રો માન્ય જણાયા હતા.

આ તબક્કામાં ઉત્તરપ્રદેશની 14, મહારાષ્ટ્રની 13, પશ્ચિમ બંગાળની સાત, બિહાર અને ઓડિશામાં પાંચ-પાંચ, ઝારખંડમાં ત્રણ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની એક-એક બેઠક પર 20 મેના રોજ મતદાન થશે.

## CAMPAGIN OVER ALL _ EVENING UPDATES-*1*

લોકસભા ચૂંટણી માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. વિવિધ પાર્ટીઓના નેતાઓએ પ્રજાને રિઝવવાના પ્રયાસો તેજ કર્યા છે. આ તબક્કામાં 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની કુલ મળીને 96 બેઠકો માટે મતદાન થવાનું છે. જેમાં આંધ્ર પ્રદેશની 25, તેલંગાણાની 17 બેઠકો ઉપરાંત ઉત્તર પ્રદેશની 13, મહારાષ્ટ્રની 11, પશ્ચિમ બંગાળની 8, મધ્ય પ્રદેશની 8, બિહાર અને ઝારંખડની 5, ઓડિશાની 4 તેમજ જમ્મૂ અને કાશ્મીરની એક બેઠક માટે મતદાન થવાનું છે.

દરમ્યાન, ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી મોદીએ આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. સવારે તેમણે તેલંગાણાના રાજ રાજેશ્વરી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. શ્રી મોદીએ તેલંગાણાના કરીમનગરમાં ચૂંટણી સભાને સંબોધતા કોંગ્રેસ સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે ત્રીજા તબક્કાની ચૂંટણી પૂરી થઈ ગઈ છે, ત્રીજા તબક્કામાં જ કોંગ્રેસ અને ઇન્ડિયા ગઠબંધનને વાસ્તવિકતા સમજાઈ ગઈ છે. શ્રી મોદીએ બપોરે વાંરગલમાં ચૂટંણી સભા સંબોધતા કોંગ્રેસ સામે રંગના આધારે દેશને વિભાજીત કરવાનો આક્ષેપ મૂક્યો હતો. શ્રી મોદીએ સાંજે આંધ્ર પ્રદેશના રામજપેટમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. જે બાદ તેમણે વિજયવાડામાં રોડ શૉ પણ કર્યો હતો.

લોકસભા ચૂંટણીની જાહેરાત બાદથી પ્રધાનમંત્રી મોદીની આ ત્રીજી આંધ્ર પ્રદેશ મુલાકાત છે. ભાજપે અહીં તેલગુ દેશમ પાર્ટી અને જન સેના પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે. ભાજપ અહીં લોકસભાની 6 જ્યારે કે વિધાનસભાની 10 બેઠકો પર ચૂંટણી લડી રહ્યું છે. આ માટે ચોથા તબક્કામાં 13 મેના રોજ મતદાન થશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અને પાર્ટી ઉમેદવાર અજય મિશ્રા ટેની માટે ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરીમાં જાહેર સભા સંબોધી હતી. તેમણે લોકોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ત્રીજી વાર પ્રધાનમંત્રી બનાવવા માટે મતદાન કરવાનો આગ્રહ કર્યો, સાથે જ  કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓને ચાલુ રાખવા માટે પણ મતદાનની અપીલ કરી. શ્રી શાહે હરદોઈ અને કન્નૌજમાં પણ ચૂંટણી સભા સંબોધી હતી.

તો કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. પ્રિયંકા ગાંધી વાડ્રાએ અહીં રોજગાર અને મહિલા અનામતના મુદ્દા પર વાત કરી હતી. વધુમાં તેમણે કહ્યું કે જો તેમની સરકાર સત્તામાં આવશે તો ખેતીના સાધનોને જીએસટીના માળખામાંથી દૂર કરાશે. મહત્વનું છે કે આ વખતે રાહુલ ગાંધી રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

આ તરફ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે શાહજહાંપુરમાં ચૂંટણી સભા સંબોધી હતી. તેમણે ભાજપ સામે પ્રહારો કરતા કહ્યું કે ભાજપ ખોટા વાયદાઓ કરી રહ્યું છે. તેમણે ફર્રુખાબાદમાં પણ પાર્ટી ઉમેદવાર માટે ચૂંટણી પ્રચાર કર્યો હતો

## BJP _ SAM PITRODA

ભાજપે કોંગ્રેસના નેતા સામ પિત્રોડાના નિવેદનની ટીકા કરી છે. દિલ્હીમાં પત્રકારોને સંબોધતા ભાજપ પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે સામ પિત્રોડાએ ભારતીય સંસ્કૃતિ અને ઓળખ જ નહીં પરંતુ દેશના નાગરિકોનું અપમાન કર્યું છે. તેમણે આક્ષેપ કર્યો કે કોંગ્રેસ દેશના લોકોને વિભાજીત કરી રહી છે. દરમ્યાન કોંગ્રેસે આ નિવેદનને તેમનું અંગત મંતવ્ય ગણાવ્યું છે.

## SITARAMAN _GANDHI

કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતામરણે જાહેર ક્ષેત્રના એકમો – PSUમાં  વિઘટિત તેમજ તેમાં મોટા ફેરફાર કરવા બાબતેના કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના આરોપોને ફગાવી દીધા છે. શ્રી ગાંધીના આરોપોને જવાબ આપતા નિર્મલા સીતામરણે સોશિયલ મીડિયાની એક પોસ્ટમાં દાવો કર્યો છે કે

નરેન્દ્ર મોદી સરકારમાં PSUનો વિકાસ સારો થયો છે. તેમણે આરોપ મૂક્યો કે કોંગ્રેસના નેતૃત્વ વાળી યૂપીએ સરકારના કાળમાં જાહેર ક્ષેત્રના એકમોને સૌથી વધારે નુકસાન થયું.

## AIR INDIA EXPRESS

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ્સ રદ્દ થવા મામલે કંપની પાસેથી અહેવાલ માગ્યો છે. મંત્રાલયે DGCA નિયમો પ્રમાણે નાગરિકોની સુવિધાનું ધ્યાન રાખવા માટે એર ઇન્ડિયાને જણાવ્યું છે. એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સેવાના વરિષ્ઠ કર્મચારીઓ, આગોતરી જાણ વિના અચાનક રજા પર ઉતરી ગયા હતા. જેને કારણે પ્રવાસીઓને ભારે મુશ્કેલી પડી હતી. અહેવાલ અનુસાર છેલ્લી ઘડીએ અંદાજે ૪૦ જેટલી ફ્લાઇટ્સ રદ થતા યાત્રીઓ આજ સવાર સુધી અટવાઈ પડ્યા હતા.

## IMD WEATHER

હવામાન વિભાગે કહ્યું છે કે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં આગામી બે દિવસ સુધી ગરમીનું મોજું યથાવત રહેશે. આગામી બે દિવસ પુડુચેરીમાં અને પાંચ દિવસ સુધી ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.

આ મહિનાની 12 તારીખ સુધી દેશના ઉત્તર-પૂર્વીય ભાગમાં વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં પણ આ સ્થિતિ આગામી ચાર દિવસ સુધી ચાલુ રહેશે. આગામી ચાર દિવસ સુધી દેશના દક્ષિણ ભાગમાં પણ વરસાદ થવાની સંભાવના છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આગામી ચાર દિવસ સુધી હળવા વરસાદની શક્યતા છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ફેરફારની કોઈ શક્યતા નથી.

## THALASSEMIA DAY

થેલેસેમિયાના નિવારણ અને સારવાર અંગે લોકોમાં જાગૃતિ વધારવા માટે આજે વિશ્વ થેલેસેમિયા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ રોગ ત્યારે થાય છે જ્યારે શરીર પૂરતું હિમોગ્લોબિન ઉત્પન્ન કરી શકતું નથી. લાલ રક્ત કોશિકાઓમાં પ્રોટીન કે જે સમગ્ર શરીરમાં કોષોમાં ઓક્સિજન વહન કરે છે. આ દિવસનો ઉદ્દેશ આનુવંશિક પરીક્ષણના મહત્વ પર ભાર મૂકી અને તમામ લોકો માટે સમાન અને ગુણવત્તાયુક્ત સારવાર ઉપલબ્ધ કરવી થેલેસેમિયાથી પીડાતા લોકોને સમર્થન આપવાનો છે.

## ARUNACHAL POLICE-ARREST

અરુણાચલ પ્રદેશમાં પર્વતીય સુબાનસિરી જિલ્લા પોલીસે ગઇકાલે નશીલા પદાર્થ  ડ્રગ્સના કેસમાં બે લોકોની ધરપકડ કરી હતી. ગુપ્ત બાતમી મળતાં પોલીસે શોધ અભિયાન હાથ ધરી બંનેની ધરપકડ કરી હતી. આ વ્યક્તિઓ પાસેથી 10 સાબુના બોક્સ મળી આવ્યા હતા, જેમાં લગભગ 112 ગ્રામ હેરોઈન અને અન્ય સંબંધિત વસ્તુઓ પણ હતી.

## HAJJ PILGRIMS-FIRST BATCH

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાંથી આ વર્ષે સાત હજાર હજયાત્રીઓ હજ કરશે. આવતીકાલે શ્રીનગર આંતરરાષ્ટ્રીય હવાઈ મથકેથી ત્રણસો વીસ યાત્રાળુઓની પ્રથમ બેચ  રવાના થશે. લગભગ 37 મહિલા હજયાત્રીઓ મેહરમ વગર હજ યાત્રા કરશે

## *CBI _ HUMAN TRAFFCING*

**કેન્દ્રીય તપાસ પંચ – CBIએ રશિયન સેનામાં ભરતી માટે ભારતીય નાગરિકોની તસ્કરીના કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે.**

**સીબીઆઈએ એક નિવેદનમાં કહ્યું છે કે તેણે દેશમાં ચાલી રહેલા માનવ તસ્કરીના એક નેટવર્કને શોધી કાઢ્યું છે, જે વિદેશમાં આકર્ષક નોકરીની લાલચમાં યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.**